Extra No. 236

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **WEDNESDAY, JUNE 25, 2025 / ASADHA 4, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૨૧/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક: ટ્રાફિક/તલોદ- મતગણતરી/જાહેરનામું/પ્રસિધ્ધી/૬૩૪/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહનવ્યવહાર નિયમન અંગેનું

નં.પી.ઓ.એલ-૨/રોડ-ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૯૦૮/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રની વિગતે તા.૨૨/૦૬/૨૦૨૫ના રોજ તલોદ પોલીસ સ્ટેશન વિસ્તારમા ગ્રામ પંચાયતની ચૂંટણી અંગે મતદાન થયેલ છે અને તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ કુલ-૪૫ ગ્રામ પંચાયતની મતગણતરી થનાર છે. જે મતગણતરી સ્થળ શ્રી સી.ડી. પટેલ હાઈસ્કુલ તલોદ અંબીકા સો.મીલ રેલ્વે ફાટક રોડ તલોદ ખાતે રાખવામાં આવેલ- છે. જે મતગણતરી સ્થળ આગળ તલોદ થી મજરા તરફ જતો તથા આવતો મેઈન રોડ આવેલ છે અને આ રોડ ઉપર દિવસ દરમ્યાન હાઈવા ડમ્પર, ટ્રક જેવા ભારે વાહનો પસાર થાય છે. તેમજ નાના વાહનો જેવા કે ટેમ્પો,જીપ,મારૂતી, રીક્ષા, મોટર સાયકલ પસાર થાય છે. આ દિવસે મતગણતરી હોવાથી ગામડાઓમાંથી સરપંચ/સભ્ય ઉમેદવારોની સાથે ગણી મોટી જનસંખ્યા વાહનો સહિત આવતી હોય છે. રોડ ઉપર આ માણસોની અવર-જવર થવાને લીધે તેમજ આ ભારે વાહનોથી ટ્રાફીક સમસ્યા ન સર્જાય અને કોઇ અકસ્માત ન બને તે સારૂ વૈકલ્પિક રૂટ ઉપર ભારે વાહનોનુ ડાયવર્ઝન આપવુ ટ્રાફીકના સુચારૂ સંચાલન માટે હિતાવહ હોઈ તા.૨૫/૦૬/૨૦૨૫ ના કલાક ૦૬/૦૦ થી મતગણતરી પુર્ણ થાય ત્યાં સુધી ભારે વાહનો વૈકલ્પિક રૂટ ઉપર અવર-જવર કરે તે સારૂ જાહેરનામુ પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે,તા.૨૫/૦૬/૨૦૨૫ના રોજ તલોદ વિસ્તારમાં શ્રી સી.ડી. પટેલ હાઈસ્કુલ તલોદ અંબીકા સો.મીલ રેલ્વે ફાટક રોડ તલોદ તા. તલોદ ખાતે ગ્રામ પંચાયત ચૂંટણી-૨૦૨૫ની મતગણતરી થનાર હોઈ નીચે મુજબના વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર અને વૈકલ્પિક રસ્તાનો રૂટ::-

અ.નં.	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક રસ્તો
૧	ઓક્ટો નાકા થી મામલતદાર કચેરી થઈ શ્રી સી.ડી. પટેલ હાઈસ્કુલ થઈ રેલ્વે ફાટક થઈ ટાવર રોડ થઈ ટી.આર.ચોકડી રાધી	ઓકટો નાકા થી મહીયલ થઈ કોલેજ રોડ, કેશરપુરા ચોકડી થઈ ટી.આર.ચોકડી

અ.નં.	પ્રતિબંધિત રસ્તો	વૈકલ્પિક રસ્તો
૨	ટી.આર.ચોકડી તલોદ તરફથી ટાવર રોડથી રેલ્વે ફાટક થઈ શ્રી સી.ડી.પટેલ હાઈસ્કુલ થઈ મામલતદાર કચેરીથી ઓટો નાકા સુધી	ટી.આર.ચોકડી તલોદ તરફથી કેશરપુરા ચોકડી કોલેજ રોડ મહિયલ થઈ ઓકટો નાકા સુધી

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

આ હુકમ તા.૨૫/૦૬/૨૦૨૫ના કલાક ૦૬/૦૦ થી મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ ભારે વાહનોના અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે.

-::આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.::-

સીવિલ હોસ્પિટલના દર્દીઓ, ઈમરજન્સી સેવાઓ સાથે સંકળાયેલ સ્ટાફ,એમ્બ્યુલન્સ વાન તેમજ ચૂંટણી સાથે જોડાયેલ તમામ સરકારી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને ચૂંટણી ઉમેદવારોના વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ ::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૪ જુન, ૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર.

આમુખ:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સાબરકાંઠાના તા.૨૧/૦૬/૨૦૨૫ના પત્ર ક્રમાંક: ટ્રાફિક/હિંમતનગર મતગણતરી/જાહેરનામું/પ્રસિધ્ધી/૬૩૫/૨૦૨૫

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી), ૩૩(૧)(સી) અન્વયે વાહનવ્યવહાર નિયમન અંગેનું

નં.પી.ઓ.એલ-૨/રોડ ડાયવર્ઝન/જાહેરનામું/વશી/૯૦૭/૨૦૨૫.-આમુખ-(૧)ના પત્રની વિગતે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આગામી તા.૨૫/૦૬/૨૦૨૫ના સવારના ૬:૦૦ વાગ્યાથી સરકારી પોલીટેકનીક કોલેજ એકેડેમિક બિલ્ડીંગ, મોતીપુરા હિંમતનગર ખાતે હિંમતનગર તાલુકાની કુલ:૪૧ ગ્રામ પંચાયતોના ચૂંટણીની મતગણતરી થનાર છે. અને આ મતગણતરી દરમ્યાન હિંમતનગર તાલુકામાંથી આશરે-૧૦,૦૦૦ થી ૧૨,૦૦૦ જેટલી જનમેદની ભેગી થવાની સંભાવના છે. જેથી રાદરહું મતગણતરી દરમ્યાન સ્ટ્રોંગરૂમ બિલ્ડીંગ તથા કેમ્પર્સ ખાતે તેમજ પો.સ્ટે વિસ્તારમાં કાયદો વ્યવસ્થા અને ટ્રાફીક નિયમન જળવાઇ રહે અને બીજો કોઈ અનિચ્છનીય બનાવ બને નહિં તે સારૂ તા.૨૫/૦૬/૨૦૨૫ના સવારના કલાક:૦૬/૦૦ થી કલાક: ૨૦/૦૦ વાગ્યા સુધી પોલીટેકનિક હાઈવે ચાર રસ્તાથી સિવીલ હોસ્પિટલના મુખ્ય દરવાજા સુધી વાહનોને ડાયવર્ઝન કરાવવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે.

વાસ્તે, તા.૨૫/૦૬/૨૦૨૫ના સવારના કલાક:૦૬/૦૦થી કલાક: ૨૦/૦૦ વાગ્યા સુધી સરકારી પોલીટેકનીક કોલેજ એકેડેમિક બિલ્ડીંગ, મોતીપુરા હિંમતનગર ખાતે હિંમતનગર તાલુકાની કુલ:૪૧ ગ્રામ પંચાયતોના ચૂંટણીની મતગણતરી થનાર હોઈ નીચે મુજબના વૈકલ્પિક રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે.

સબબ, હું લલિત નારાયણ સિંઘ સાંદુ(આઈ.એ.એસ.), કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩ (૧) (બી) તથા ૩૩ (૧) (સી) અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત વિસ્તાર-

પોલીટેકનિક હાઈવે ચાર રસ્તાથી સિવિલ હોસ્પિટલના મુખ્ય દરવાજા સુધી

-:વૈકલ્પિક રસ્તાનો રૂટ ::-

- ગઢોડા ગામથી મોતીપુરા પોલીટેકનિક તરફ આવતા વાહનો સિવીલ સામેના શંકુઝ કેન્સર હોસ્પિટલ કોમ્પ્લેક્ષો આગળ થઈ જી.આઈ.ડી.સી. અંદર મોતીપુરા તરફ.
- પોલીટેકનિક ચાર રસ્તાથી ગઢોડા ગામ તરફ જતા વાહનો હાઈવે રોડ થઈ સાબરડેરી ત્રણ રસ્તા તરફ.
- આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ હેલીપેડ સામે આવેલ દુકાનોના વેપારીઓ તેમજ શરણમ સોસાયટી, આદર્શ બંગ્લોઝ સોસાયટીઓના રહિશોના વાહનો સિવિલ રોડ થઈ ટી.પી. રોડ થઈ મોતીપુરા હિંમતનગર શહેર તરફ.

-:: જાહેરનામાનો પ્રતિબંધિત સમયગાળો ::-

તા.૨૫/૦૬/૨૦૨૫ ના સવારના કલાક:૦૬/૦૦ થી કલાક: ૨૦/૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે.

- :: જાહેરનામા મુજબ પ્રતિબંધિત કૃત્યો ::-

પ્રતિબંધિત વિસ્તારમાં તમામ પ્રકારના વાહનો તેમજ રાહદારીઓની અવર-જવર ઉપર પ્રતિબંધ ફરમાવવા હુકમ કરવામા આવે છે.

-::આ હુકમમાં નીચે મુજબ અપવાદ છે.:-

સિવિલ હોસ્પિટલના દર્દીઓ, ઈમરજન્સી સેવાઓ સાથે સંકળાયેલ સ્ટાફ,એમ્બ્યુલન્સ વાન, કોલેજ પ્રોફેસરશ્રીઓ વિદ્યાર્થીઓ તેમજ ચૂંટણી સાથે જોડાયેલ તમામ સરકારી અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ અને ચૂંટણી ઉમેદવારોના વાહનોને મુક્તિ આપવામાં આવે છે.

-::જાહેરનામાનો ભંગ કરતાં દંડની જોગવાઈ-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ સજા/દંડને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સાબરકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૪મી જુન, ૨૦૨૫ના રોજ મારી-સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

લલિત નારાયણ સિંઘ સાંદુ
કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર.

Signature Not Verified
Signed by:MAHENDRA DHARKAR
Date: 2025.07.10 18:53:44 +05:30
Reason: Validate Document
Location: Government Press & Stationery, Vadodara